# વિદ્યા વિસ્તાર સામયિક કાર્યક્રમ નહીં, વણથંભી પ્રક્રિયા છે

## પહેલું ચરણ પૂરૂ થતાં જ આગામી ચરણ પૂરુ કરવા માટે કમર કસો

### આવશ્યકતા અને એની પૂર્તિ

ક્ષેત્રોમાં થનારા યજ્ઞીય કાર્યક્રમો સાથે વિદ્યા વિસ્તાર સંબોધન શા માટે જોડવામાં આવ્યું? એની પાછળ યુગઋષિના નિર્દેશોના પ્રકાશમાં અમારા પ્રયત્નો સમીક્ષાત્મક અધ્યયનની સાર્થક ભૂમિકા રહી છે.

પરમ પૂજ્ય ગુરુદેવના પ્રત્યેક પુરુષાર્થ તથા કાર્યના કેન્દ્રમાં યુગ નિર્માણ અભિયાનની સફળતા જ ઉદ્દેશ્ય રહ્યો છે. ગાયત્રીના માધ્યમથી જન-જનમાં સદ્‌ભાવ તથા સદ્‌વિચારોનું જાગરણ તથા યજ્ઞના માધ્યમથી સદ્‌પ્રયાસ તથા સદ્‌કર્મોનો અભ્યાસ કરવો-કરાવવો જ મુખ્ય ઉદ્દેશ્ય છે.

પહેલા ચરણમાં જરૂરી એ હતું કે જન-મનમાં ગાયત્રી તથા યજ્ઞ સંદર્ભે જે ભ્રમ છે, તેને અપનાવવામાં જે ભય તથા સંકોચ જડ જમાવી બેઠા છે, એનું નિવારણ કરવામાં આવે. આ દિશામાં નૈષ્ઠિક પ્રયાસ કરવા કરાવવામાં આવ્યા અને તેઓ સફળ પણ થયા. આ પ્રયોસોમાં ઘરે-ઘર કરવામાં આવનારા યજ્ઞોથી માંડી અશ્વમેધ સ્તરના વિરાટ આયોજનો વગેરેની સંયુક્ત ભૂમિકા રહી છે. હવે ગાયત્રી વિદ્યા તથા યજ્ઞ વિદ્યા તથા યજ્ઞ વિદ્યાને જન-જીવનમાં સહજ સ્થાન મળવા લાગ્યું છે. વિભિન્ન ધાર્મિક તથા સામાજિક સંગઠનોના મૂર્ધન્યોએ એનું સમર્થન કરવાનું શરૂ કરી દીધું છે.

પરંતુ જ્યારે વિશ્લેષણ કરવામાં આવ્યું તો જાણવા મળ્યું કે અશ્વમેધ સ્તરના વિશાળ આયોજનોથી પ્રભાવિત લાખો શ્રદ્ધાળુ નર-નારીઓને નવસર્જનની ધારા સાથે જોડવામાં સફળતા મળી રહી નથી. સમીક્ષા કરવાથી અનુભવ થયો કે પ્રચારાત્મક કાર્યક્રમોને સર્જનાત્મકતાથી જોડવા માટે સુસંગઠિત પ્રયાસોની જરૂરત પડે છે. સંગઠનાત્મક પ્રક્રિયાને ઉચિત મહત્ત્વ આપવાથી જ શક્ય બનશે.

એની તરફ ધ્યાન આપવામાં આવ્યું, પ્રયાસ કરવામાં આવ્યા, તો સત્પરિણામ સામે આવ્યા. શાંતિકુંજની છાવણીઓના રૂપમાં ઝોન, ઉપ ઝોન કેન્દ્રોના માધ્યમથી સંગઠન પ્રક્રિયાને પ્રભાવશાળી બનાવવામાં આવી.

સમયદાનીઓના રજીસ્ટ્રેશન તથા પ્રશિક્ષણની વ્યવસ્થા બનવા લાગી. પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી સમારોહ સુધી ભારતના પ્રત્યેક રાજ્યના દરેક જિલ્લાઓ તથા ગામ સુધી યુગ સંદેશ પહોંચાડવાની કાર્યયોજનાનું સ્વરૂપ બનવા લાગ્યું, પ્રભાવ દેખાવા લાગ્યો.

### સંદેશની સાર્થકતા કેવી રીતે વધે?

સંદેશ પહોંચવા લાગ્યો. લોકો સહમત થવા લાગ્યા. દીક્ષા, દેવ સંસ્થાપના તથા સંસ્કારોના માધ્યમથી મિશનની સાથે જોડવા પણ લાગ્યા. પરંતુ ત્યારબાદ શું? શું ઉપાસના તથા જીવન સાધનાના માધ્યમથી એનું વ્યક્તિત્વ નવયુગની અનુરૂપ બનવા લાગ્યું? શું એનો સમય, પ્રભાવ, જ્ઞાન, પુરુષાર્થ તથા ધનનો એક અંશ સાર્થક રૂપથી સેવા કાર્યોમાં, સમાજમાં સત્પ્રવૃત્તિઓના પુણ્ય પ્રસાર માટે લાગવા માડ્યો? 'હમ બદલેંગે-યુગ બદલેગા, હમ સુધરેંગે-યુગ સુધરેગા'ની પ્રભાવશાળી લહેર ઠેરઠેર ઉભરવા લાગી?

આ દિશામાં અધ્યયન કરવામાં આવ્યું તો લાગ્યું કે સંદેશ પહોંચી તો રહ્યો છે, પરંતુ તેના પર અમલ નથી થઈ રહ્યો. એના બે કારણ છે-**(૧)** સાંભળેલા સંદેશ અમુક સમય પછી ભૂલી જવાય છે. આથી એની પર ચાલવા-ચલાવવાની વાત વચમાં રોકાઈ જાય છે. **(૨)** સંદેશ યાદ રહી પણ જાય છે, તો ઉચિત માર્ગદર્શનના અભાવમાં તેને વ્યવહારમાં ઉતારવાનો પ્રયાસ અટકી જાય છે.

ચિન્તન-મનન દ્વારા સ્પષ્ટ થયું કે આ બંન્ને સમસ્યાઓનું સમાધાન છે યુગ સાહિત્યની સ્થાપના તથા એના સ્વાધ્યાયને પ્રાણવાન બનાવવો. પૂજ્ય ગુરુદેવે જીવન સાધનાના પ્રત્યેક પાસા પર લખ્યું છે. યુગ સાહિત્ય યુગઋષિના જીવન્ત પ્રયોગોનું સિદ્ધ સૂત્ર છે. તેને ફરી અપનાવવાથી ભૂલી જવાની ફરિયાદથી મુક્તિ મળી શકે છે. પછી એ દિશામાં નાના-મોટા પ્રયત્નો થવા લાગે છે.

ત્યારબાદ સમસ્યા આવે છે પ્રયોગો વચ્ચે આવનારી મુશ્કેલીઓ. તેનું નિરાકરણ સ્વાધ્યાય અને એક બીજાના સહયોગ દ્વારા થાય છે. યુગઋષિ દ્વારા પ્રવાહિત જ્ઞાનની ધારા ઉપનિષદ્, ગીતા વગેરેની જેમ જીવંત છે. વારંવાર સ્વાધ્યાય કરવાથી તથા સાધકો દ્વારા એક-બીજા સાથે સહયોગ વધારવાથી મુશ્કેલીઓનું સહજ નિરાકરણ થવા લાગે છે, જાણકારી કર્મ-કૌશલમાં બદલવા લાગે છે.

એટલા માટે વિચારવામાં આવ્યું કે આપણા આયોજનો સાથે વિદ્યા વિસ્તારની પ્રક્રિયા જોડવામાં આવે. એનું પહેલું ચરણ આ જ છે કે યુગ સાહિત્યના સેટની સ્થાપના કરવામાં આવે અને એના સ્વાધ્યાયનો ક્રમ પણ ચલાવવામાં આવે. આવું થવાથી આયોજનોના માધ્યમથી ઉમટેલો ઉત્સાહ જીવન સાધના તથા યુગ સર્જનની સાથે જોડી શકાશે.

ખુશીની વાત એ છે કે પરિજનોએ એની પર પર્યાપ્ત ધ્યાન આપ્યું છે. આયોજનોની સંખ્યા આ સત્રમાં ૨૭૦૦૦ સુધી પહોંચી જવાની સંભાવના છે. દરેક આયોજન સાથે 'વિદ્યા વિસ્તાર સેટો'ની સ્થાપનાનો ક્રમ પણ ચાલી રહ્યો છે. પરંતુ ધ્યાન રહે કે આ કાર્યથી ખૂશ થવાની જરૂરત નથી. આ માત્ર પહેલું ચરણ છે, એના આગામી ચરણ પણ પૂરા કરવાના છે.

### સાચા વિદ્યા વિસ્તારક બનો

આયોજનો સાથે યુગ સાહિત્યના સેટ સ્થાપિત કરવામાં જે સફળતા મળી રહી છે, એ પ્રશંસનીય છે. પરંતુ આટલું કરવાથી તો આપણે માત્ર 'પુસ્તક વિક્રેતા' હોવાનો શ્રેય માત્ર મેળવી શકાય છે, વિદ્યા વિસ્તારક હોવાનો નહીં.

ધ્યાન રહે કે વિદ્યા વિસ્તાર સેટો પડતર કિંમતથી પણ ઓછી કિંમત પર આપવામાં આવી રહ્યા છે. એનાથી આર્થિક લાભ તો થશે નહીં. એનો લાભ તો ત્યારે થશે, જ્યારે સ્થાપિત સાહિત્યના સ્વાધ્યાયનો ક્રમ પણ ચાલે. એના આધાર પર જીવનને પરિષ્કૃત તથા ઉત્કૃષ્ટ બનાવવા વ્યાપક ઉત્સાહ જાગે.

વિદ્યા વિસ્તારનો અર્થ છે યુગસર્જન માટે જેવું શ્રેષ્ઠ અને તેજસ્વી વ્યક્તિત્વ જોઈએ એવું વિકસિત થવા લાગે. આથી વિદ્યા વિસ્તાર કાર્યક્રમોથી જોડાયેલ પ્રત્યેક પરિજનોંને આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે સાહિત્યનો સેટ સ્થાપિત કરવો-કરાવવો વિદ્યા વિસ્તારનું પહેલું ચરણ માત્ર છે. એનાથી આગળના ચરણ પણ આપણે જ પૂરા કરવાના છે. જ્યાં-જ્યાં સેટ સ્થાપિત થયા છે, એમનો અવાર નવાર સંપર્ક કરી તેમને સાહિત્યનો સ્વાધ્યાય કરવા-કરાવવાનું મહત્ત્વ યાદ અપાવતાં એમાં રસ લેવાનું પણ શિખવાડવું પડશે.

ધ્યાન રહે કે ભોજન બનાવવાનો સામાન તો કોઈપણ એકત્ર કરી શકે છે, પરંતુ રસોઈ બનાવવાનું કાર્ય તો એ જ કરી શકે છે, જેને રસોઈ વિદ્યા આવડતી હોય, એનો પર્યાપ્ત અભ્યાસ કર્યો હોય. સાહિત્ય સ્થાપના કરવી-કરાવવી ભોજનનો કાચો સામાન લાવવા જેવું જ કાર્ય છે. એના માધ્યમથી વ્યક્તિત્વ વિકાસની વિદ્યા તો એ જ શીખી શકે છે, જેને જાતે એ વિચારોને જીવન વિદ્યાના રૂપમાં ઢાળવાનો પ્રયાસ કર્યો હોય. આથી યુગ સાહિત્યનો સ્વાધ્યાય કરનારા જાતે જ વિદ્યા વિસ્તારના આગામી ચરણ પૂરા કરી શકશે.

આથી વિદ્યા વિસ્તાર આયોજનો સાથે જોડાયેલા પ્રત્યેક નિષ્ઠાવાન પરિજન-ભાઈ-બહેનો સાચા અર્થોમાં વિદ્યા વિસ્તારક બને. (ક્રમશઃ)

## વાર્ષિકોત્સવ-સંકલ્પ અને સંસ્કારનું સુંદર પ્રદર્શન

### પુષ્કર-અજમેર (રાજસ્થાન)

તા-૭ ફેબ્રુઆરીના દિવસે પુષ્કર ગાયત્રી શક્તિપીઠ કન્યા મહાવિદ્યાલયના ૨૦મા વાર્ષિકોત્સવનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ અવસર પર મહાવિદ્યાલયમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, શાંતિકુંજના 'દૂરસ્થ શિક્ષણ કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન થયું. શાંતિકુંજ પ્રતિનિધિ આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી તથા શ્રી મહેન્દ્ર શર્માજીએ ફીતા કાપીને તથા દીપ પ્રગટાવીને આ કેન્દ્રના શુભારંભની ઔપચારિકતા પૂરી કરી.



દૂરસ્થ શિક્ષણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરી રહેલ શાંતિકુંજ પ્રતિનિધિ

મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ પોતાની મનમોહક રજૂઆતની સાથે અતિથિ સ્વાગત, ભારતમાતાની વંદના, ગીતો દ્વારા યુગઋષિની પ્રેરણાનું કાર્ય સંપન્ન કરી અને રાજ્યના સાંસ્કૃતિક વૈભવની ઝાંખી રજુ કરી. બાળકોએ સમાજ સુધારની પ્રેરણા વાળા કેટલાય ગીત-નાટક વગેરે પણ રજુ કર્યા. શાંતિકુંજ પ્રતિનિધિઓએ એમના પ્રદર્શનની પ્રશંસા કરતાં એમને આત્મ નિર્માણની ભાવના જગાડી.

આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજીએ પોતાના સંદેશમાં ગાયત્રી ઉપાસના પર ભાર આપ્યો. તેમણે કહ્યું કે જે છે તેને પર્યાપ્ત માનવાની જગ્યાએ લોભ, મોહ અને અહંકારથી દૂર રહીને વિદ્યાર્થીઓની પોતાની ક્ષમતાઓનો શ્રેષ્ઠતમ ઉપયોગ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. શ્રોતાઓને દૂરસ્થ શિક્ષણ પાઠ્યક્રમોની જાણકારી આપવામાં આવી. ડૉ.બાલસ્વરૂપ ગર્ગે ગોમાતાના લાભોની વ્યાખ્યા રજુ કરી.

વાર્ષિકોત્સવમાં વર્ષભર યોજાયેલ હરિફાઈઓનું ઈનામ વિતરણ કરવામાં આવ્યું. ઝોન કન્વીનર શ્રી અંબિકા પ્રસાદ શ્રીવાસ્તવ દ્વારા ધન્યવાદ જ્ઞાપનથી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. એનું સંચાલન ડૉ.મીનાક્ષી જૈને કર્યું હતું.☯

## સામાજિક સમસ્યાઓનું સમાધાન શોધી રહેલ પાટનગરના નવયુવક






### નોએડા (રાજ્યનું પાટનગર વિસ્તાર)

તા-૨૪ ફેબ્રુઆરીના રોજ ગાયત્રી ચેતના કેન્દ્ર નોએડા પર રાષ્ટ્રીય પાટનગર વિસ્તારના સક્રિય નવયુવકોએ યુવા સંમેલનનું આયોજન રાખ્યું હતું, વિષય હતો-'આજના સમાજમાં યુવાનોની રચનાત્મક ભાગીદારી'. એમાં એક બાજુ પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોને જનમનમાં સ્થાપિત કરવા માટે સૂઝબૂઝની સાથે પ્રયત્નશીલ ભલસ્વાઁ, પાલમ, સરિતા વિહાર, મુરાદનગર, ગાજીયાબાદ, નોએડા, ગ્રેટર નોએડા વગેરેના નવયુવકોએ ભાગ લીધો, ત્યાં તેમને અન્ય સંસ્થાઓમાં સક્રિય નવયુવકોને પણ આ સંમેલનમાં સામેલ કરાવવામાં સફળતા મળી. ભારત પુનર્નિર્માણ દળ, નૌજવાન ભારત સભા, ભારત વિકાસ પરિષદ્, રામકૃષ્ણ મિશન, ઈસ્કોન, આર્ય સમાજના યુવા પ્રતિનિધિઓએ પણ એમાં ભાગ લીધો.

આ સંમેલનમાં ગાયત્રી પરિવારના વક્તાઓએ ભારતના નવનિર્માણના સંકલ્પોની સાથે એની આવશ્યકતા અને પોતાની સક્રિયતાની ચર્ચા કરી. વુલ્ગારિયાની મિસ મૌના અને લખનૌની મિસ નૈયર ખાને પોતાના વિચારો રજુ કર્યા. શાંતિકુંજ પ્રતિનિધિ-શ્રી રાકેશ જાયસ્વાલે યુવકોની પાસે વિદ્યમાન ક્ષમતાઓનું ગૌરવપૂર્વક ઉપયોગ માટે આવાહન કર્યું, ત્યાં ચેતના કેન્દ્રના વ્યવસ્થાપક શ્રી પ્રદીપ દીક્ષિતે યુવા પેઢીને નવનિર્માણના પડકારોનો બોધ કરાવતાં કહ્યું કે આ ચેતના કેન્દ્ર સર્જનશિલ્પિઓને સંગઠિત કરવામાં આનંદ મઠ જેવી ભૂમિકા નિભાવશે. સંમેલનનું સમાપન ખૂબ જ આત્મીયતાપૂર્ણ વાતાવરણમાં થયું.☯

**દેશને દુર્ગુણોથી બચાવી રાખવાની જવાબદારી પુરોહિતોની છે.**